ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૭૯ ટકા

# શહેરમાં દશામા વ્રતનું કાઉન્ટ ડાઉન

## અષાઢ વદ અમાસથી દશામાના પવિત્ર વ્રતનો પ્રારંભ : વ્રતના પૂજાપાની સામગ્રીઓ અને માતાજીની મૂર્તિઓનું વેચાણ શરૂ

ગાંધીનગર, તા.૨૧

અષાઢ વદ અમાસથી દશામાના પવિત્ર વ્રતનો પ્રારંભ થવા જઈ રહયો છે. મહિલાઓ દ્વારા મોટી સંખ્યામાં દશામાનું વ્રત પરિવારના કલ્યાણ માટે કરવામાં આવે છે. ૨૪ જુલાઈથી શરૂ થતું આ વ્રત ૯ ઓગસ્ટે પુર્ણ થશે. દશામાના પવિત્ર વ્રતને એક અઠવાડીયું બાકી છે ત્યારે બજારોમાં વ્રતની સામગ્રીઓ અને દશામાની મૂર્તિઓનું વેચાણ પૂરજોશમાં શરૂ થઈ ચુકયું છે.

દશામાનું વ્રત કરનાર શ્રધ્ધાળુ મહિલાઓ દસ દિવસ માતાજીની મૂર્તિ પૂજા અર્ચન કરશે. જેની તૈયારીઓ બજારમાં જોવા મળી રહી છે. જેમાં માતાજીની પૂજા માટેનો પૂજાપો, ચુંદડી, શણગાર, મૂર્તિઓ, સાંઢણીઓ બજારમાં જોવા મળી રહી છે. જેમાં પૂજાપો, સાંઢણી, ઉંટ ઉપર બેસેલા દશામાની મૂર્તિની ડીમાન્ડ દર વર્ષે રહેતી હોય છે. આ વર્ષે મોંઘવારીના કારણે મૂર્તિના ભાવમાં પણ વધારો કરવામાં આવ્યો છે. દશામાના વ્રતમાં દસ દિવસ સુધી નકોરડા ઉપવાસ કરવામાં આવે છે. માટીની સાંઢણી બનાવી તેનું પૂજન કરવામાં આવે છે. દસમે દિવસે સાંઢણીને નદીમાં પધરાવવામાં આવે છે. બજારમાં એક બાદ એક વ્રત અને પર્વનો મહિમા શરૂ છે ત્યારે શહેરના બજારોમાં વેપારીઓમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. દશામાની મૂર્તિઓ વિવિધ સાઈઝમાં બનાવવામાં આવી છે. રંગબેરંગી સુંદર મજાની માતાજીની મૂર્તિઓ આ વર્ષે મુકવામાં આવી છે. માટીમાંથીબનાવવામાં આવેલી આ મૂર્તિઓ બનાવતાં વેપારીઓ કોરોના કાળ બાદ આ વર્ષે હાશકારો અનુભવી રહયા છે. ગયા બે વર્ષ વ્રતનો માહોલ ન જામ્યો હોવાથી કોરોનાએ આ વેપારીઓની આર્થિક સ્થિતિ કફોડી બનાવી દીધી હતી. જે આ વર્ષે વેપારીઓ હર્ષની લાગણી વ્યક્ત કરી રહયા છે. જેમાં નાની-મોટી સાઈઝની એમ તમામ પ્રકારની મૂર્તિઓ એ બજારમાં ધાર્મિક પર્વનો માહોલ બનાવ્યોછે. જો કે આગામી પાંચ દિવસ બાદ બજારોમાં ફુલ ઘરાકી જોવા મળશે તેવું વેપારીઓએ જણાવ્યું હતું. આગામી દિવસોમાં બજારોમાં લારીઓમાં દશામાની મૂર્તિઓથી બજારો ઉભરાઈ જશે ધીમે ધીમે મૂર્તિકારો પાસે વેપારીઓ દશામાની મૂર્તિઓની ખરીદી કરી રહયા છે. ત્યારે ત્રણ દિવસ બાદ બજારો દશામાની મૂર્તિઓથી ઉભરાતા જોવા મળશે. આ વર્ષે મૂર્તિના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. પરંતુ શ્રધ્ધાળુઓએ શ્રધ્ધાપુર્વક આ વર્ષે દશામાના વ્રતની ઉજવણી કરવાનું મન બનાવી લીધું છે અને બજારોમાં ખરીદીનો માહોલ આ વર્ષે જામશે તેવું વેપારીઓ વ્યક્ત કરી રહયા હતા.



# જન્મદિને વધામણી



મુકુન્દ ચંદુલાલ ભટ્ટ
મો. ૯૮૯૮૨ ૭૯૦૭૯



પ્રેમ યમરાજ પંડ્યા
ફોન : ૨૩૨૩૩૦૬૭



દક્ષા ભરત પંડ્યા
મો. ૯૮૯૮૬ ૩૦૫૨૯



દ્વિજરાજસિંહ અંક્તિસિંહ ચાવડા



નિધિ અશ્વિનકુમાર પંડ્યા



નિધિ અશ્વિન પંડયા
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪



શૌર્ય જસ્મીન જોષી
મો. ૯૮૭૯૭ ૪૯૦૯૫



ઠાકર સંકેત સતીશકુમાર

# શંકરસિંહ વાઘેલાના જન્મદિવસે સમર્પણ એજ્યુકેશન કેમ્પસમાં વ્યાખ્યાન માળા



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શંકરસિંહ વાઘેલાના ૮૨ મા જન્મદિવસની ઉજવણી નિમિત્તે સમર્પણ એજ્યુકેશન કેમ્પસ દ્વારા વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ તરીકે નિવૃત્ત આઈ એ એસ અધિકારી વસંતભાઈ ગઢવીએ "શૈક્ષણિક વિકાસ અને નૈતિક મૂલ્યો" વિષય પર વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે બાપુ શંકરસિંહ વાઘેલા તથા મહેન્દ્રસિંહ વાઘેલા , સમર્પણ એજ્યુકેશન કેમ્પસના તમામ પ્રિન્સિપાલ , કેમ્પસ ડિરેક્ટર ડોક્ટર એમ ડી પાંડે, તમામ સ્ટાફ મિત્રો તથા વિદ્યાર્થીઓએ હાજર રહી પ્રસંગને યાદગાર બનાવ્યો હતો.

# લાયન્સ ક્લબ ઓફ ફેમીના દ્વારા તાડપત્રીનું વિતરણ



ગાંધીનગર, તા.૨૧

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા સેક્ટર ૬ ની ઝુપડપટ્ટીમાં ગરીબોના ઝૂંપડાઓમાં વરસાદનું પાણી ટપકતું હતું ત્યાં વરસાદથી રક્ષણ મળી રહે તે માટે ૫૦ નંગ જેટલી તાડપત્રીઓનો વિતરણ કરવામાં આવ્યું. ક્લબના પ્રમુખ ડિમ્પલબેન દેસાઈ તથા ક્લબની બહેનોને વરસતા વરસાદમાં ઝૂંપડાઓમાં જઈ રૂબરૂ મુલાકાત લઈ તાડપત્રીનું વિતરણ કર્યું હતું અને જરૂરિયાતમંદોએ રાહતની લાગણી અનુભવી હતી.

# આર.સી.પટેલ સ્કુલમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર તા.૨૧

શાળાના સેમિનાર હોલમાં ધો-૯ અને ૧૧ના વિદ્યાર્થિનીઓની હાજરીમાં મોબાઈલના લાભ અને ગેરલાભ વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ વિષય પર પોતાના વિચારો વ્યકત કર્યા હતા. જેમા પટેલ ક્રિષ્ના પ્રથમ નંબર અને પુરોહિત વંશ દ્વિતીય નંબર પર અને ગઢવી અત્રિ તૃતિય નંબર પર વિજેતા બન્યા હતા. આ કાર્યક્રમમાં શિતલબેન પટેલે નિર્ણાયક તરીકે જવાબદારી સંભાળી હતી અને મનીષાબેને આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. કાર્યક્રમમાં શાળાના સુપરવાઈઝર વિનોદભાઈ પટેલ અને કાનનબેન પટેલ પણ હાજર રહયા હતા. શાળાના આચાર્ય વિષ્ણુભાઈ પટેલે વિજેતા વિદ્યાર્થીઓને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.



મૃત્યુ પછી પણ આપણા પ્રિયજનોને ભૂલી જવું મુશ્કેલ છે સ્વ. દીપેશ નિનામાનાં જન્મદિવસ નિમિતે મિત્રમંડળ દ્વારા ગાંધીનગર સેકટર ૧૬ ખાતે આવેલી અંધશાળાનાં બાળકોને જમાડીને સ્વર્ગસ્થનાં જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# શાહપુર પ્રા.શાળાના બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર તાલુકાની શાહપુર પ્રાથમિક શાળાના બાળકોને બેંક ઓફ બરોડાની ઈન્ફોસીટી શાખા દ્વારા શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બેન્કના મેનેજર તથા સ્ટાફના તમામ મિત્રોએ શાળામાં ઉપસ્થિત રહી કીટનું વિતરણ કર્યું હતું. અને બાળકોને ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છા આપી હતી.

શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિએ સેવાકીય પ્રવૃતિને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# એસ.કે.પટેલ સ્કુલમાં ઈયર બડ્સ એક્ટિવિટી



ગાંધીનગર, તા.૨૧

એસ. કે.પટેલ કેજી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ઈયર બડ્સ એક્ટિવિટી કરવામાં આવી હતી. જેમાં નાના નાના ભૂલકાંઓએ ચાર્ટ પેપર પર ઈયર બડ્સના મદદથી કલરમાં ઈયર બડ્સ ડીપ કરીને અલગ અલગ ટ્રી, ફિશ, બટરફલાય સન વગેરે બનાવ્યું હતું અને બાળકોએ એક્ટિવિટી કરીને અનેરો આનંદ પ્રાપ્ત કર્યો હતો.

# સ્મિત મ્યુઝિક દ્વારા આઝાદીનો અમૃત મહોત્સવ સંગીત સંધ્યા ઉજવણી




ગાંધીનગર, તા.૨૧

ગુજરાત સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી આઝાદી અમૃત મહોત્સવ ઉજવણી અંતર્ગત શૌર્ય, દેશભક્તિ ગીત સભર ગુજરાતી લોકગીત, સુગમ, ગઝલ ગુજરાતી સંગીત સંધ્યાનો ભવ્ય સંગીત જલસો યોજાઈ ગયો. દીપ પ્રાગટયને સંગીત સૂરથી શરૂ થયેલા કાર્યક્રમમાં ખાસ મહાનુભાવોમાં પૂર્વ મેયર રીટાબેન પટેલ, વોર્ડના કોર્પોરેટરો પોપટસિંગ ગોહીલ, મહેન્દ્રભાઈ દાસ, મીરાબેન અને તેજલબેન હાજર રહયા હતા. ભરત ગજ્જર, જયોતિ ગજ્જર, સહ આમંત્રિત કલાકારો જીગ્નેશ રાવ ટીમના સંગીત સંગ વૈવિધ્ય પૂર્ણ સંગીત સંધ્યાથી સહુના મન જીતી લીધા હતા.

# ભારતીય મઝદૂર સંઘની ૬૮માં સ્થાપના દિનની ઉજવણીનું આયોજન

ભારતીય મજદૂર સંઘની ૬૮માં સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે બલરામ ભવન સે૧૨ ખાતે તા.૨૩ શનિવારે સવારે૧૦.૩૦થી ૧૧.૩૦ કલાકે શંકરભાઈ ચાવડા ગાંધીનગર સંઘ ચાલક, ઉમેશભાઈ દવે ગુજરાત પોર્ટ એન્ડ ડોક મહાસંઘ પ્રમુખ, રેખાબેન ભીલ મહિલા પ્રમુખ ગાંધીનગર મહાનુભાવોનું સ્વાગત હરીશ શુક, રાકેશ નિમાવત, પંકજ ચૌહાણ ભારતીય મઝદુર સંઘ ગાંધીનગર જિલ્લા દ્વારા કરવામાં આવશે.

દિપ પ્રાગટય, પ્રણાલી મુજબ શ્રમિક ગીત, મહાનુભાવોના દ્વારા ભારતીય મઝદૂર સંઘના ૬૮માં સ્થાપના દિન સંદર્ભે સંબોધન કરવામાં આવશે.

# બી.જે. હાઈસ્કૂલ સાદરામાં યોગ શિબિરમાં યોજાઈ



ગાંધીનગર, તા.૨૧

ગુજરાત રાજયના વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત ગાંધીનગર , ગામ- સાદરામા સોનલબેન મહેતા અને રશ્મિ બેન દ્વારા યોગનું સેશન લીધું હતું. આ યોગ સેશનમાં ભાગ લીધો હતો તેમને યોગનું મહત્વ સમજાવ્યું હતું આપણી અત્યારની બીઝી લાઈફમાં દરરોજનો ૧ કલાક સમય આપવામાં આવે તો શરીરની તંદુરસ્તી સારી જળવાઈ રહે છે આ યોગ સેશન માં જેમાં કુલ ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લાભ લીધો. આ યોગ સેશન સાદરા બી.જે. હાઈસ્કૂલમાં હતો અને પ્રીન્સીપાલ મહેન્દ્ર ભાઈ જોષી હાજર રહ્યા હતાં.



ગાંધીનગર ખાતે પ્રશ્નોરા નાગર સ્વ. અરવિંદરાય માનશંકર ભટ્ટ તથા સ્વ. ચંપાલક્ષ્મી અરવિંદરાય ભટ્ટના સ્મણાર્થે કોકિલાબેન જ. ભટ્ટના ૭૬માં વર્ષમાં પ્રવેશ પ્રસંગને અનોખા અંદાજમાં ઉજવ્યો હતો. ૭૫ દિવાથી દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. ત્યારબાદ ગાંધીનગર સ્થિત પ્રશ્નોરા નાગર વયસ્કને ૭૫ વર્ષ વટાવી ચૂક્યા હોય તેવા કુલ-૨૧ વડીલોનું શાલ ઓઢાડી સન્માન કરી આશિર્વાદ મેળવ્યા હતા. તેમજ જે યુગલ પોતાની લગ્ન યાત્રાના ૫૦ વર્ષ પૂર્ણ કરી ચૂક્યા હોય તેવા આઠ યુગલનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. હરિકૃષ્ણભાઈ પાઠક તેમજ મધુકાંતાબેન ભટ્ટ એ સન્માન સમારોહમાં વિશેષ હાજરી આપી હતી.

# પી.કે.ચૌધરી કોલેજમાં કવિ ઉમાશંકર જોષીની ૧૧૧મી જન્મ જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાર્યરત ગુજરાતી વિભાગ અને ગુજરાતી સાહિત્ય પરિષદના સંયુક્ત ઉપક્રમે ગુજરાતી સાહિત્ય મૂર્ધન્ય સાહિત્યકાર ઉમાશંકર જોષીની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. સમુહ પ્રાર્થના બાદ આચાર્ય ડો.એમ.એમ.ચૌધરીએ વક્તાઓનું સ્વાગત અને ઉમાશંકર જોષીના જીવન કવનનો પરિચય કરાવ્યો હતો. રાઠોડ ભુવનેશ્વરીએ ઉમાશંકર જોષીના કાવ્યું ગાન કર્યું હતું. ચૌધરી રીયાએ વાર્તાકાર ઉમાશંકર જોષી, કલ્પનાબાએ કવિ ઉમાશંકર, ચૌધરી પૂજાએ યુગદ્રષ્ટા ઉમાશંકર વિશે વાત કરી હતી. મુખ્ય વક્તા ડો.નરેશ દવેએ ઉમાશંકરના કાવ્યો વિશે વિગતે ઉદાહરણ સહિત વાત કરી કવિની જ્ઞાનપીઠ પુરસ્કૃત કૃતિ નિશીથ તેમજ ગંગોત્રીનો પરિચય કરાવ્યો હતો. ગુજરાત વિભાગના અધ્યક્ષ પ્રો.મુન્નાબેન ચૌધરીએ પ્રસન્નતાના કવિ ઉમાશંકર વિશે, ડો.ઉર્મિલાબેને તેમના કવિતામાં કવિત્વ અને વિદ્વત્વ વિશે તો ડો.લિના સ્વાદીયાએ ઉમાશંકર જોષીની કવિતામાં ગુજરાત વિશે વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગુજરાત વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. સંચાલન ગુર્જર પ્રેમી અને ચૌધરી સાક્ષી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.વણકર મેલાભાઈ ખાનાભાઈ ઉ.વ.૮૭, કોલવડા
- સ્વ.ઠાકોર આરમબેન જવાનજી ઉ.વ.૬૫, ફતેપુરા, પેથાપુર